# ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ

**(An ISO 9001:2008 Company)** CIN U40109GJ2004SGC045195

રજી. અને કોર્પોરેટ ઓફિસ: સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસ કોર્સ, વડોદરા-૩૯૦૦૦૭

Email:setech.guvnl@gebmail.com
eesolar.guvnl@gebmail.com

web site: www.guvnl.com

Tele (Di) : (0265) 2340205
PBX : (0265) 2310582 to 86
FAX : (0265) 2337918, 2338164


નં. જીયુવીએનએલ/ ટેક/સોલર સેલ /સ્કાય/ ૧૯૪૮ તારીખ: ૧૮/૦૮/૨૦૧૮

પરિપત્ર: (2)

વિષય: રાજ્ય સરકાર દ્વારા જાહેર કરેલ સૂર્યશક્તિ કિસાન યોજના (સ્કાય) ના અમલીકરણ બાબત
સંદર્ભ:- (૧) પરિપત્ર: નં નં. જીયુવીએનએલ/ ટેક/સોલર સેલ /સ્કાય/ 1748 તારીખ: 24/07/2018
(૨) ઉ.&પે. વિભાગને લખેલ પત્ર ક્રમાંક: GUVNL/Tech/Solar Cell/SKY/1740 તા.24-07-2018
(૩) ઉ.&પે. વિભાગના પત્ર ક્રમાંક: SLR/11/2016/2284(P4)/B1 તા13/8/2018

સૂર્યશક્તિ કિસાન યોજના (સ્કાય) ના સફળ અમલીકરણ માટે અમુક મુદાઓ પરત્વે સ્પષ્ટતા અને મંજૂરી અર્થે રાજ્ય સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને GUVNL તરફથી સંદર્ભ (૨) મુજબ પત્ર લખેલ. તે સંદર્ભ પરત્વે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગે સંદર્ભ (૩) મુજબ માર્ગદર્શન આપેલ છે.

આ અનુસંધાને સ્કાય યોજનાના ચારેય વીજ વિતરણ કંપનીમાં એકસરખા અને સફળ અમલીકરણ માટે ઉપરોક્ત સંદર્ભ (૧) થી પાઠવેલ પરિપત્રમાં દર્શાવેલ અમલીકરણની શરતોમાં નીચે મુજબ સુધારા અને વધારા કરવામાં આવે છે અને તે મુજબ અમલીકરણની કાર્યવાહી કરવાની રહેશે.

પરિપત્રમાં દર્શાવેલ અમલીકરણની શરતોમાં નીચે મુજબ સુધારો કરેલ છે.

| શરત ક્રમાંક | સુધારેલ શરત |
|---|---|
| 4. (ચાર) | જો જોડાયેલ વિજભાર કરારીત વિજભાર કરતાં વધારે હોય તો તે નિયમિત કરવાની કાર્યવાહી તાત્કાલિક કરવાની રહેશે અને તે મુજબ નો નિયમિત કરેલ કરારીત વિજભાર, સોલર પીવી સિસ્ટમ ની દરખાસ્ત બનાવતી વખતે એજન્સી દ્વારા ગણતરીમાં લેવાનો રહેશે.<br><br>SKY યોજનામાં ભાગ લેવા માગતા ખેડૂતનો વીજભાર વધારે માગે તો તે કરારીત વિજભારના ૧.૫ ગણાની મર્યાદામાં મંજૂર કરી નિયમિત કરવો અથવા માપણી દરમ્યાન જોડેલ વીજભાર વધારે માલૂમ પડે તો તે કરારીત વીજભારના વધુમાં વધુ ૨ (બે) ગણા સુધી મંજૂર કરી નિયમિત કરવો. વધારાના વીજભાર માટે નિયત અંદાજપત્ર ભરપાઈ કરવાનું રહેશે પરંતુ દંડકીય બીલની આકારણી કરવાની રહેશે નહીં. |

| | |
|---|---|
| 9. (નવ) | ખેડૂત દ્વારા સિંચાઇ માટે વપરાતી વીજળી બાદ કરતા જે વીજળી ગ્રીડમાં આપવામાં આવે તે રૂા ૩.૫૦પ્રતિ યુનિટના દરે જે તે વીજ વિતરણ કંપની દ્વારા ખરીદી લેવામાં આવશે. ગ્રીડમાં વીજળી વેચવા માટે કોઈ મહત્તમ મર્યાદા રહેશે નહી.<br><br>ખેડૂતોને વધારાની વીજળીની રકમની ચુકવણીના એનર્જિના એકાઉન્ટિંગ માટે વધારાની ગ્રીડમાં આપવામાં આવેલ અને ફીડર લેવલના મીટરમાં નોંધાતી ગ્રીડમાં આવેલ વીજળી ગ્રીડમાથી કુલ વીજ વિતરણ ઘટ બાદ કરી (૫ % ટેકનિકલ લોસ બાદ કર્યા પછી નો લોસ ) વધેલી ગ્રીડમાં આવેલ વીજળીને દરેક ખેડૂતોમાં વરાળે વહેંચી તે મુજબની વીજળીની ગણતરી કરીને તેના પર વીજ ખરીદ દર અને EBI ની ચુકવણી કરવી.<br><br>તે માટે Energy Accounting પદ્ધતિ અલગથી આપવામાં આવશે. આ રીતે ખેડૂત પાસેથી ખરીદવા પાત્ર થતી નેટ બિલીંગ એનર્જીની ગણતરી કરવાની રહેશે. |
| 'પરિશિષ્ટ-ક' ની વ્યાખ્યા ક્રમાંક -19 | **'પરિશિષ્ટ-ક' ની વ્યાખ્યા ક્રમાંક -19**<br><br>નેટ બિલીંગ એનેર્જીની : જે તે ફીડરમાં ફીડર લેવલના મીટરમાં નોંધાતી ગ્રીડમાં આવેલ વીજળી ગ્રીડમાથી કુલ વીજ વિતરણ ઘટ બાદ કરી (૫ % ટેકનિકલ લોસ બાદ કર્યા પછી નો લોસ ) વધેલી ગ્રીડમાં આવેલ વીજળીને દરેક ખેડૂતોમાં વરાળે ( Pro-rata) વહેંચ્યા બાદ ખરીદવા પાત્ર થતી વીજળી ને નેટ બિલીંગ એનેર્જીની ગણવાની રહેશે. |

**પરિપત્રમાં અમલીકરણની વધારાની શરતો નીચે મુજબ ઉમેરેલ છે.**

| નવી શરત ક્રમાંક | પરિપત્રમાં ઉમેરેલ વધારાની શરતો |
|---|---|
| 37 | **SKY યોજનાનો મહતમ લાભ ખેડૂતોને મળી શકે તે માટે યોજનામાં જોડાવા માગતા હોય અને વીજ જોડાણ ના ધરાવતા હોય તેવા ખેડૂતોનું નવીન વીજ જોડાણ માટેનું સ્થળ SKY ફીડર આવતું હોય તેવા ખેડૂતોને અગ્રતાના ધોરણે ખેતીવિષયક નવીન વીજ જોડાણ ની સામાન્ય યોજનાના ધારાધોરણ મુજબ વીજ જોડાણ આપવું. (Tatkal ચાર્જ સિવાય )** |
| 38 | **કેટલાક ખેડૂતોના અંગત કારણોસર ફીડર પરના ૧૦૦% ખેડૂતોની SKY યોજનામાં જોડાવવાની સહમતી શક્ય ના હોઈ ઓછામાં ઓછા ૭૦% સુધી ગ્રાહકો સહમત થાય તેવા ફીડરો નો SKY માં સમાવેશ કરવો.** |
| 39 | **જે ખેડૂતોના વીજ જોડાણ બાકી લેણી રકમ ના ભરપાઈ કરી શકવાના કારણે કાયમી ધોરણે રદ થયેલ હોય અને લેણી રકમ ભરપાઈ કરવા સક્ષમ ના હોય તેવા ખેડૂતો SKY યોજનામાં જોડાવા માગતા હોય તેમના વીજ જોડાણો માટે હપ્તા કરીને SKY નો લાભ આપી શકાય. હપ્તાની વસૂલાત ખેડૂત દ્વારા વેચેલ વીજળી ની રકમ માથી કરવી.** |

**ઉપરોક્ત સંદર્ભ (૧) થી પાઠવેલ મૂળ પરિપત્રમાં દર્શાવેલ અમલીકરણની અન્ય શરતો યથાવત રહેશે.**

આ પરિપત્રની જાણ આપની કક્ષાએથી તમામ ક્ષેત્રીય કચેરીઓને અમલીકરણ અર્થે કરવા સારૂ.

**કા.વા. મુખ્ય ઇજનેર(ટેક)**

**પ્રતિ**
**મેનેજીંગ ડીરેકટરશ્રી**
**દક્ષિણ - મધ્ય - ઉત્તર - પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની**
**રજી. અને કોર્પોરેટ ઓફીસ**
**સુરત - વડોદરા - મહેસાણા – રાજકોટ**

નકલ સાદર રવાના -

1. માન. ઉર્જામંત્રીશ્રીના અંગતસચિવશ્રી, માન. ઉર્જામંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન. મંત્રીશ્રી રાજ્યકક્ષા(ઉર્જા) ના અંગતસચિવશ્રી, માન. મંત્રીશ્રી રાજ્યકક્ષા(ઉર્જા) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
3. માન. અગ્ર સચિવશ્રી(EPD)ના અંગતસચિવશ્રી ઉર્જા પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4. મેનેજીંગ ડીરેકટરશ્રી, જીયુવીએનએલ,વડોદરા.
5. ડીરેકટરશ્રી (ટેકનીકલ/ નાણાં), જીયુવીએનએલ, વડોદરા.
6. અધિક સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના -

1. મુખ્ય ઈજનેરશ્રી (ટેક /પ્રોજેકટ )કોર્પોરેટ ઓફિસ , દક્ષિણ - મધ્ય - ઉત્તર - પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની, સુરત - વડોદરા - મહેસાણા – રાજકોટ
2. મુખ્ય ઇજનેર શ્રી પરીવહન , GETCO, કોર્પોરેટ ઓફીસ, વડોદરા.
3. મુખ્ય ઇજનેર શ્રી લોડ ડિસ્પેચ , SLDC, ગોત્રી, વડોદરા
4. જનરલ મેનેજર (આઈ.ટી. /કોમર્સ/ F&A ), જીયુવીએનએલ, વડોદરા.

5. જનરલ મેનેજર (F&A) કોર્પોરેટ ઓફિસ , દક્ષિણ - મધ્ય - ઉત્તર - પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની, સુરત - વડોદરા - મહેસાણા – રાજકોટ
6. ઉપ સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. લાયઝન ઓફિસરશ્રી, માન. ઉર્જા મંત્રીશ્રીનુ કાર્યાલય, પહેલો માળ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
8. સરકારી સંદર્ભ વિભાગ, જીયુવીએનએલ, વડોદરા